# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

**આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.**

*************************************************

- ✓ આવતીકાલથી લોકસભાનું પ્રથમ સત્ર શરૂ થશે, નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે..
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર વ્યવસ્થાપન અને તૈયારીઓ અંગે ઉચ્ચસ્તરીય બેઠકમાં વ્યાપક અને દૂરોગામી નીતિ બનાવવા પર ભાર મૂક્યો.
- ✓ NEET- UG પરીક્ષા અંગે સીબીઆઇએ ફરિયાદ દાખલ કરી- સીબીઆઇ ટીમ ગોધરા અને પટણા તપાસ માટે પહોંચશે..
- ✓ છત્તીસગઢના સુકમા જિલ્લામાં IED વિસ્ફોટમાં કોબરા બટાલિયનના બે જવાન શહીદ..
- ✓ ઇસરોએ પુન: પ્રયોગમાં લઈ શકાય એવા પ્રક્ષેપણ યાન – પુષ્પકનું ત્રીજું અને અંતિમ સફળ પરીક્ષણ કર્યું.
- ✓ અને દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી....

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT SESSION

18મી લોકસભાનું સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે. કેન્દ્રમાં સતત ત્રીજી વાર એનડી સરકારની રચના બાદ આ પહેલું લોકસભા સત્ર છે. આ સત્રમાં ભાજપના સાંસદ અને કાર્યકારી અધ્યક્ષ ભર્તુહારી મહતાબ સાંસદોને શપથ લેવડાવશે.

નવા લોકસભા અધ્યક્ષની ચૂંટણી આ મહિને 26 જૂને યોજાશે. જ્યારે 27મી જૂને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધન કરશે. સંસદનું આ સત્ર આગામી 3જી જુલાઇએ પૂર્ણ થશે.

# AMIT SHAH MEET

કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં પૂર વ્યવસ્થાપન અને તૈયારીઓ અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમણે દેશમાં પૂરના સંભવિત જોખમો ઘટાડવા વ્યાપક અને દૂરોગામી નીતિ બનાવવા પર ભાર મૂક્યો હતો.

શ્રી શાહે સંબંધિત વિભાગોને સિક્કિમ તેમજ મણીપુરમાં તાજેતરમાં આવેલા પૂર વિશે મંત્રાલયને અહેવાલ સુપરત કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે પૂર્વોત્તરમાં ઓછામાં ઓછા 50 મોટા તળાવોનું નિર્માણ થવું જોઈએ, જેથી બ્રહ્મપુત્રા નદીના પાણીને વાળીને આ તળાવોમાં સંગ્રહિત કરી શકાય. શ્રી શાહે કહ્યું કે, આનાથી કૃષિ, સિંચાઈ

અને પ્રવાસનમાં પણ મદદ મળશે, તેમજ સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ લાભ મળશે.

ગૃહમંત્રીએ રાષ્ટ્રીય આફત નિવારણ વિભાગ તેમજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને દાવાનળ જેવી ઘટનાઓને રોકવા માટે પૂરતાં પગલાં લેવા નિર્દેશ કર્યો હતો..

આ બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલ, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય, કેન્દ્રીય ગૃહ સચિવ સહિત વિવિધ મંત્રાલયોના સચિવ તેમજ વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યાં હતા.

# CBI-NEET EXAM

NEET-UG પરીક્ષા વિવાદ અંગે તપાસ કરી રહેલા કેન્દ્રીય તપાસ સંસ્થા-CBI એ પોલીસ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગના નિદેશકની ફરિયાદને આધારે આ ફરિયાદ કરાઈ છે. સીબીઆઈ એ આ મામલે વિશેષ તપાસ ટીમોની રચના કરી છે, જે બિહારના પટણા અને ગુજરાતના ગોધરા રવાના થશે. પટણા અને ગોધરામાં આ અંગે અગાઉથી જ પોલીસ ફરિયાદ નોંધાયેલી છે.

શિક્ષા મંત્રાલયે કથિત અનિયમતતા અને ગેરરીતિ મામલે વ્યાપક તપાસ કરવા કહ્યું છે. જેમાં ઉમેદવારો, સંસ્થાઓ અને વચેટિયાઓ દ્વારા કાવતરું, ચોરી તેમજ પુરાવાઓના નાશ સહિતના બનાવો સામેલ છે.

મંત્રાલયે પરીક્ષા સંચાલન સાથે જોડાયેલા લોકસેવકોની ભૂમિકા વિશે પણ તપાસ કરવાની સીબીઆઈને કહ્યું છે.

વ્યાપક તપાસ અને મોટા કૌભાંડને ઉજાગર કરવા સીબીઆઈએ આ મામલે દેશભરમાં થયેલા કેસોને પોતાને હસ્તક લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે શિક્ષણ મંત્રાલયે NEET (UG)ની હાલમાં લેવાયેલી પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગેનો કેસ સીબીઆઈને સોંપ્યો હતો. મંત્રાલયે એક નિવેદનમા કહ્યું હતું કે સરકાર પરીક્ષાઓની પારદર્શિતા સુનિશ્ચિત કરવા તેમજ વિદ્યાર્થીઓના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. વધુમાં કહેવાયું છે કે જો કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આ ગેરરીતિમાં સામેલ હોવાનું સામે આવ્યું, તો તેની સામે કડક પગલાં લેવાશે.

# CHHATTISGARH BLAST

છત્તીસગઢના સુકમા જિલ્લામાં થયેલા એક IED વિસ્ફોટમાં કોબરા બટાલિયનના બે જવાન શહીદ થયા છે. બપોરે સુરક્ષાકર્મીઓ સિલગેર કેમ્પથી અન્ય એક કેમ્પ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે આ વિસ્ફોટ કરાયો હતો. આ બંને કેમ્પ જગદોંગા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવે છે. બસ્તર પોલીસે જાહેર કરેલા એક નિવેદનમાં કહ્યું છે કે, 201 કોબરા બટાલિયનના જવાન બાઇક અને ટ્રક પર સવાર થઈને જઈ રહ્યા હતા. એ સમયે આ વિસ્ફોટ થયો હતો.

# BANGAL MODULE

પશ્ચિમ બંગાળ પોલીસનાં વિશેષ કાર્ય દળે બાંગ્લાદેશ સ્થિત આતંકવાદી સંગઠન સાથે કથિત રીતે સંબંધ ધરાવતા છ લોકોની ધરપકડ કરી છે. જેમાં બર્ધમાન જિલ્લાના પાનગઢ વિસ્તારમાંથી એક કૉલેજ વિદ્યાર્થી તેમજ અન્ય પાંચની ધરપકડ કરાઈ છે.

એક વરિષ્ઠ અધિકારીએ કોલકાતામાં પત્રકારોને જણાવ્યું કે, કૉમ્પ્યૂટર સાયન્સના બીજા વર્ષના વિદ્યાર્થીની પ્રતિબંધિત ઇસ્લામી સંગઠન શહાદત-અલ-હિકમા સાથેના સંબંધો અંગે ગઈકાલે સાંજે અટકાયત કરાઈ હતી. પૂછપરછ દરમિયાન મળેલી માહિતીને આધારે એસટીએફના અધિકારીઓએ આ જ જિલ્લામાંથી વધુ પાંચ લોકોની ધરપકડ કરી હતી.

અધિકારીએ કહ્યું કે, ધરપકડ કરાયેલ વ્યક્તિ આતંકવાદી સંગઠન માટે પશ્ચિમ અને પૂર્વ બર્ધમાન જિલ્લામાં યુવાનોની ભરતી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ યુવાન સામે યુએપીએ અને આઇપીસીની કલમો અંતર્ગત કેસ નોંધવવામાં આવ્યો છે. દુર્ગાપુર અદાલતના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને એસટીએફની અપીલ પર 14 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ISRO PUSHPAK

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા-ઇસરોએ પુનઃ પ્રયોગમાં લઈ શકાય એવા પ્રક્ષેપણ યાન- પુષ્પકનું ત્રીજું અને અંતિમ સફળ પરીક્ષણ કર્યું. આજે સવારે કર્ણાટકના ચિત્રદુર્ગ સ્થિત એરોનૉટિકલ ટૅસ્ટ રૅન્જમાં આ પરીક્ષણ કરાયું હતું. આ પ્રયોગથી પ્રક્ષેપણ ખર્ચમાં ઘટાડો

ઉપરાંત ભવિષ્યમાં અવકાશ સંશોધન કાર્યક્રમને ઉન્નત બનાવવામાં મદદ મળશે. પુષ્પકમાં ઇનર્શિયલ સેન્સર, રડાર અલ્ટીમીટર, ફ્લશ એર ડેટા સિસ્ટમ, સ્યૂડોલાઇટ સિસ્ટમ તેમજ નાવિક નેવિગેશન તકનીકનો પ્રયોગ કરાયો છે.

નવીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જા મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આ સફળ પરીક્ષણ બદલ ઇસરો અને તેના વૈજ્ઞાનિકોને શુભેચ્છા પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું છે કે, આ દેશ માટે ગર્વની ક્ષણ છે. શ્રી જોશીએ કહ્યું કે ઇસરોની સતત નવાચારની શોધ, દેશમાં અવકાશ સંશોધનને નવી ઉંચાઈએ લઈ જઈ રહી છે.

# INDIA-WEATHER-UDPATE

ભારતીય હવામાન વિભાગે કેરળ, કર્ણાટક અને ગોવામાં આગામી ચાર દિવસોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને તમિલનાડુના ભાગોમાં પણ ગાજવીજ સાથે હળવોથી ભારે વરસાદ પડશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, નૈઋત્ય ચોમાસું આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, તટિય પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશના પૂર્વીય ભાગોમાં આગળ વધી શકે છે. દરમિયાન ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, જમ્મૂ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર. કે. જૈનમણિએ આકાશવાણીને જણાવ્યું કે, દિલ્હીમાં તીવ્ર ગરમી બાદ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઘટ્યું છે. આમ છતાં દિલ્હીના કેટલાક ભાગો ઉપરાંત પશ્ચિમી ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢના ઘણા ભાગોમાં બે દિવસ સુધી ભારે ગરમી પડી શકે છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# BJP-HOOCH TRAGEDY

ભાજપે તમિલનાડુમાં થયેલા લઠ્ઠાકાંડ મામલે કૉંગ્રેસ, ડીએમકે અને ઇન્ડિયા ગઠબંધનના મૌન ઉપર સવાલો ઉઠાવ્યા છે.. નવી દિલ્હીમા પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે, તમિલનાડુના કરુણાપુરમ ગામમાં ઝેરી દારૂને કારણે 56થી વધુ લોકોના મોત થઈ ગયા અને કેટલાકની સ્થિતિ નાજુક છે. વધુમાં તેમણે કહ્યું કે, આ મુદ્દે કૉંગ્રેસ અને સહયોગી દળોના નેતાઓ ચૂપ છે.

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે પણ આ અંગે વિપક્ષની ટીકા કરી હતી અને સમગ્ર મામલે સીબીઆઈ તપાસની માગ કરી હતી.

# INDIA TENNIS SUMIT NAGAL

ભારતીય ટેનિસ ખેલાડી સુમિત નાગલે આગામી પેરિસ ઓલિમ્પિકની ટેનિસમાં પુરુષોની સિંગલ્સ શ્રેણીમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. તેઓ બીજી વખત ઓલિમ્પિકમાં ભાગ લેવા જઈ રહ્યા છે. ટોક્યો રમતમાં ભાગ લઈ ચૂકેલા સુમિત નાગલ ઉપરાંત ભારતીય જોડી રોહન બોપન્ના અને એન. શ્રીરામ બાલાજી પુરુષોની ડબલ્સ શ્રેણીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં રમાયેલી હેઇલબ્રોન ચેલેન્જરમાં તેમની તાજેતરની જીતથી નાગલે તેમની સુનિશ્ચિતતા વધારી દીધી છે. આ સિઝનમાં, નાગલે બે ચેલેન્જર ટાઇટલ પણ જીત્યા છે, જેમાં હેઇલબ્રોન ચેલેન્જર અને ચેન્નાઇ ચેલેન્જરનો સમાવેશ થાય છે.

# MAYAWATI-BSP MEETING

બહુજન સમાજવાદી પક્ષના અધ્યક્ષ માયાવાતીએ લોકસભા ચૂંટણીમાં પક્ષના પ્રદર્શન અંગેની સમીક્ષા બેઠક યોજી હતી. લખનઉ ખાતે યોજાયેલી આ બેઠકમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના બસપાના અગ્રણી નેતાઓએ ભાગ લીધો હતો. દરમિયાન બસપા અધ્યક્ષ માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને તેમના રાજકીય વારસ જાહેર કરતા, પક્ષના રાષ્ટ્રીય સંયોજક પદની જવાબદારી સોંપી હતી.

આ બેઠકમાં માયાવતીએ પક્ષના નેતાઓ અને કાર્યકરો સાથે લોકસભા ચૂંટણીમાં બસપાના ખરાબ પ્રદર્શન, તેમજ આગામી સમયમાં રાજ્યમાં યોજાનારી ચૂંટણી વિશે ચર્ચા વિચારણા કરી હતી.

# LADAKH-KARGIL WAR

ભારતીય સેનાએ લદાખમાં કારગિલ યુદ્ધના શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે ખાલુબાર યુદ્ધ સ્મારક પ્રવાસીઓ માટે ખુલ્લુ મૂક્યું છે. દેશ આ વર્ષે કારગિલ વિજય દિવસની 25મી વર્ષગાંઠ ઉજવવા જઈ રહ્યો છે, ત્યારે કારગિલ યુદ્ધ દિવસની પૂર્વ ઉજવણીના ભાગરૂપે આ સ્મારક ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. આર્યન ખીણ વિસ્તારમાં આવેલું આ સ્મારક યુદ્ધ દરમ્યાન સૈનિકોના સાહસ અને તેમના બલિદાનને પ્રદર્શિત કરે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય સેનાના પ્રયાસોના કારણે આ પ્રદેશ ફરીથી ભારતે જીતી લીધો હતો. જેમાં કેપ્ટન મનોજ પાંડે તથા ખાડીમાં રહેતાં નાગરિકોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.